# ‘મરી મસાલા શાકભાજી પાકો: વૈજ્ઞાનિક અભિગમ’ વિષય પર આયોજિત તાલીમ પ્રસંગે તા. ૨૯ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ખેડૂતોની વિભાગીય સંશોધન કેંદ્રની મુલાકાત

મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૨૯ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ **‘મરી મસાલા શાકભાજી પાકો: વૈજ્ઞાનિક અભિગમ’ વિષય પર તાલીમ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં બિન સરકારી સંસ્થા ‘ફાર્મ બ્રિજ’ ના સહકારથી ઊન્ટીયા, સરદારપુરા (ઝગડિયા) અને ખરચી ગામના ૫૦ થી ૫૫ ખેડૂત ભાઈઓ અને બહેનો મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે પધારેલ.

ડો. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિકશ્રી (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ ડો. મિહિર પંડ્યા, ડો. નીલ પટેલ અને ડો. બોરડ તરફથી આ તાલીમમાં સુંદર માહિતી આપેલ.

આ પ્રગતિશીલ ખેડૂત ભાઈઓ અને બહેનોને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની નવી સંશોધિત જાતો વિષે માહિતી મળે અને ફિલ્ડમાં પ્રત્યક્ષ જોવા મળે તે હેતુથી વિભાગીય સંશોધન કેંદ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં ફાર્મની પણ મુલાકાત ડો. એ. એસ. ભાણવડીયા, નોડલ અધિકારીશ્રી (સીડ)ના માર્ગદર્શન મુજબ ફાર્મ મેનેજરશ્રી પ્રો. વિજયભાઈ પટેલે કરાવેલ. જેમાં રાઈની નવી જાત જી. એમ. ૮ (આણંદ હેમા) વિષે ડો. કૃપાલ ભાલાલા અને ઘઉંની જાત જી. ડબલ્યુ. ૫૧૩ વિષે ડો. પવન દવે દ્વારા ફિલ્ડની પ્રત્યક્ષ મુલાકાત કરાવી માહિતી આપવામાં આવેલ. આ ઉપરાંત, ઉનાળુ મગ ની નવી જાત જી. એ. એમ. ૮ (હરા મોતી) અને ડાંગરની નવી જાતો જી. આર. ૨૧ (વાત્રક) તેમજ જી. એ. આર. ૨૨ (સ્વાગત) વિષે પણ વિસ્તૃત માહિતી આપવામા આવેલ.

*********









